 Communication feature

# સૂર ના સજે ક્યા ગાઉં મૈં?..

## નિવૃતાવસ્થા ત્રાસ કે પીડાદાયક સાબિત થાય તો?

## સંપૂર્ણ કોર્નિયાનું પ્રત્યાર્પણ કરવામાં આવે તેને પેનેટ્રેટિંગ કેરાટોપ્લાસ્ટી જ્યારે કોર્નિયાના અમુક ભાગનું પ્રત્યાર્પણ કરવામાં આવે તેને લેમેલર કેરાટોપ્લાસ્ટી કહેવામાં આવે છે

પ્રકાશ શાહ

રાયપુર નિવાસી લલિતકુમાર દાસ નિવૃતાવસ્થામાં પૌત્ર સાથે ગેલગમ્મત, મસ્તીમજાક કરીને સમય વ્યતીત કરતા હતા. સંગીતપ્રિય અને તેમાં પણ ગાયકજીવ હોવાને કારણે ગીત, ભજન વગેરે ગાતા રહેતા. તદપરાંત સ્વયં એમ.એ., બી.એડ.ની ડિગ્રી મેળવી હતી એટલે અભ્યાસની મહત્તાને ધ્યાનમાં રાખીને પાસ-પડોશના વિદ્યાર્થીઓને નિ:શુલ્કપણે અભ્યાસ પણ કરાવતા હતા. ટૂંકમાં આનંદપ્રમોદ અને સમાજસેવા કરીને નિવૃતાવસ્થા માણતા હતા. મિત્ર કે સંબંધીઓ તેમને આરામ કરવાની કે મનોરંજક સિરિયલ અથવા તો ફિલ્મ જોવાની ભલામણ કરતા ત્યારે ચહેરા પર સ્મિત ફરકાવીને બાળકોને અભ્યાસ કરાવીને ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બનાવતા હોવાનું કહેતા. લલિતકુમારને સ્વપને પણ ખ્યાલ નહોતો કે સ્વયં તેમનું ભવિષ્ય અંધકારમય સાબિત થવાનું છે! સંપૂર્ણપણે સ્વસ્થ અને તંદુરસ્ત કાયા ધરાવનાર લલિતકુમારને અચાનક હર્પિસ થઈ ગયું. હર્પિસનું પ્રમાણ એટલું ગંભીર હતું કે ડાબી આંખમાં અલ્સર થઈને પસ જમા થયું. પરિણામે ડાબી આંખનું વિઝન શૂન્ય થઈ ગયું. તેમનીદ્રષ્ટિ ફક્ત જમણી આંખ પર નિર્ભર હતી. હતપ્રભ થયેલા લલિતકુમારે ચેન્નઈની અગ્રણી આઈ-હોસ્પિટલમાં પરીક્ષણ કરાવ્યું, પરંતુ સારવાર શક્ય ન હોવાનું જણાવ્યું. અગાઉ રમૂજી સ્વભાવ ધરાવનારા લલિતકુમાર શારીરિક ક્ષતિને કારણે માનસિક સ્તરે ઉદાસ અને ગમગીન રહેવા લાગ્યા. શું કરવું અને શું ન કરવું?ની માનસિક દ્વિધા અનુભવનાર લલિતકુમારની વહારે રાયપુરની હોસ્પિટલના ઓફથેલ્મોલોજિસ્ટ આવ્યા. જેમણે દ્રષ્ટિ સંબંધિત ક્ષતિની સચોટ સારવાર માટે એક સરનામું ચીંધ્યું. જેને અનુલક્ષીને લલિતકુમારે તાબડતોબ સૂચિત સરનામે અર્થાત સાંતાક્રુઝ પશ્ચિમ સ્થિત કેનિયા આઈ હોસ્પિટલ (KEH)ના ડિરેક્ટર ડો. વૈશાલ કેનિયાનો સંપર્ક સાધ્યો. જે મુલાકાત તેમના માટે દ્રષ્ટિદાન સમાન સાબિત થઈ. આજે લલિતકુમાર બંને આંખે સૃષ્ટિનું સૌંદર્યપાન કરે છે. આ સંદર્ભમાં લલિતકુમાર જણાવે છે કે 'અગાઉ ડાબી આંખની ક્ષતિને કારણે માથામાં અને આંખમાં અસહ્ય દુખાવો થતો. વધુમાં આંખમાંથી મેરે નૈના સાવન ભાદો..ની જેમ અવિરતપણે અશ્રુધારા વહેતી હતી. તે આઠ-નવ મહિનાના પીડાભર્યા તબક્કામાં સોશ્યલ લાઈફ ઝીરો થઈ ગઈ હતી. નિ:શુલ્કપણે બાળકોને અભ્યાસ કરાવવાનું પણ મેં સદંતર બંધ કર્યું હતું. ડાબી આંખની ક્ષતિને કારણે સ્વભાવ ચિડિયો થઈ ગયો




હતો અને હંમેશાં ઉદાસ-ગમગીન રહેતો હતો. મનોમન ક્યા પાપનું ફળ ભોગવી રહ્યો હોવાનું વિચારીને સ્વયંને કોસતો હતો. નસીબજોગે શુભચિંતકે મને ડો. વૈશાલ કેનિયાનું સરનામું સૂચવ્યું. જેમણે દ્રષ્ટિદાન પ્રદાન કરીને મને નવજીવન બક્ષ્યું છે. હું સદૈવ તેમનો ઋણી રહીશ. સાથે સાથે KEH ના મિલનસાર અને પરગજુ સ્વભાવ ધરાવનાર સ્ટાફનો પણ ખૂબ આભારી છું'

કેનિયા આઈ હોસ્પિટલ (KEH)ના ડિરેક્ટર ડો. વૈશાલ કેનિયાના જણાવ્યા મુજબ 'લલિતકુમારે મારો કોન્ટેક્ટ કર્યો ત્યારે પરીક્ષણમાં જાણ થઈ કે કેસ ખૂબ કોમ્પ્લિકેટેડ છે. હકીકતમાં ક્ષતિ બેક્ટેરિયાની હતી, પરંતુ અગાઉના ઓફથેલ્મોલોજિસ્ટ તેને ફંગસ લેખીને સારવાર કરતા હતા. જેને પરિણામે કોર્નિયા ખૂબ ખરાબ થઈ ગઈ હતી. ક્ષતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાબડતોબ સર્જરી કરીને સંપૂર્ણ કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ કરી. હવે લલિતકુમારની ડાબી આંખનો પીડાદાયક દુખાવો છૂમંતર થઈ ગયો છે. અવિરત વહેતી અશ્રુધારા પણ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. ખુશખબર એ છે કે ડાબી આંખે દ્ર્ષ્ટિભૂત થાય છે. આ ઉપરાંત તેઓ ડાયાબિટીસગ્રસ્ત હતા. જેમની તેમને જાણ પણ નહોતી. જેને લક્ષમાં રાખીને સૌપ્રથમ તેમના ડાયાબિટીસને કન્ટ્રોલમાં લાવ્યાં હતા.' હાલમાં લલિતકુમાર દાસ પુન:પૌત્ર સાથે ગેલ-ગમ્મત કરે છે. સાથે સાથે પોતાના મધુર સ્વરમાં સંગીતના સૂર પણ રેલાવે છે. પાડોશના ભૂલકાઓને અભ્યાસ પણ કરાવે છે. ટૂંકમાં નિવૃતાવસ્થાને ફરીથી આનંદપ્રમોદથી માણે છે.

કેનિયા આઈ હોસ્પિટલ (KEH)ના ડિરેક્ટર ડો. વૈશાલ કેનિયાના જણાવ્યા મુજબ કોરોના ટ્રાન્સપ્લાન્ટેશનને તબીબી ભાષામાં કેરાટોપ્લાસ્ટી કહેવામાં આવે છે. કેરાટોપ્લાસ્ટી ક્યારે કરાવવી પડે? પ્રશ્નના ઉત્તરમાં તબીબ જણાવે છે કે કીકી શ્વેત રંગની થઈ ગઈ હોય, કોર્નિયામાં ઈન્ફેક્શન ફેલાઈ ગયું હોય, કીકીમાં ઈન્ફેક્શનને કારણે છિદ્ર થઈ ગયું હોય, અકસ્માતનો ભોગ બનીને કોર્નિયા ફાટી ગઈ હોય, જન્મજાતથી કોર્નિયા શ્વેત રંગની હોય કે કેરાટોકોનસગ્રસ્ત હો ત્યારે કેરાટોપ્લાસ્ટી કરાવવી પડે છે. આ અંતર્ગત સંપૂર્ણ કોર્નિયાનું પ્રત્યાર્પણ કરવામાં આવે તેને પેનેટ્રેટિંગ કેરાટોપ્લાસ્ટી જ્યારે કોર્નિયાના અમુક ભાગનું પ્રત્યાર્પણ કરવામાં આવે તેને લેમેલર કેરાટોપ્લાસ્ટી કહેવામાં આવે છે. બહુધા સફળતાનો આંક ધરાવતી જટિલ લેખાતી કેરાટોપ્લાસ્ટી અંગે જણાવવાનું કે તેની સફળતા ક્યા તબીબ પાસે સર્જરી કરાવો તેના પર નિર્ભર કરે છે. ડો. વૈશાલ કેનિયા જેવા કાબેલ, નિપુણ તથા અનુભવી આઈ-સર્જન હોય તો કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા બાદ સામાન્યપણે પેશન્ટને લાંબા સમય સુધી રાહત રહે છે.

તાજેતરમાં મુંબઈમાં બોમ્બે ઓફથેલ્મોલોજિસ્ટસ એસોસિયેશન ફોકસ તથા આઈ એડવાન્સની વાર્ષિક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના વિવિધ રાજ્ય ઉપરાંત ઈટલી, જર્મની, પોલેન્ડ, અમેરિકા અને કેનેડા સહિત આશરે ૨૦ દેશના અંદાજે ૨૫૦૦થી વધારે ઓફથેલ્મોલોજિસ્ટ ઉપસ્થિત હતા. જેમાં કેનિયા આઈ હોસ્પિટલના ડો. વૈશાલ કેનિયાએ કોર્નિયાની વિવિધ પ્રકારની ક્ષતિ તથા તેના આધુનિક ઈલાજ અંગે જાણકારી પ્રદાન કરીને ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા. કેનિયા આઈ હોસ્પિટલ ખાતે ઉચિત ટેકનોલોજી, અધ્યતન ટેકનિક સાથે કાબેલ, નિપુણ તથા અનુભવી તબીબ દ્વારા સારવાર કરીને સમસ્યાનું સમાધાન સાધવામાં આવે છે. ડો. વૈશાલ કેનિયા સવિસ્તાર માહિતી આપતા જણાવે છે કે કોર્નિયાને સશક્ત અને સ્વસ્થ રાખવા માટે ગાજર, લીલા શાકભાજી, પાલક અને બ્રોકલી જેવી ભાજી ખાવી સ્વાસ્થ્યવર્ધક છે. બદામ, સંતરા, દૂધ તથા યોગર્ટ પણ લાભપ્રદ છે. નિયમિતપણે એકસરસાઈઝ કરવા ઉપરાંત પાંપણ ફરકાવતા રહેવી હિતાવહ છે. કમ્પ્યુટર કે મોબાઈલ વગેરે પર કામ કરતી વખતે વીસેક મિનિટ પછી વીસ સેકંડ જેટલો બ્રેક લો. ધૂમ્રપાન સદંતર બંધ કરો. આકરા સૂર્યપ્રકાશથી સુરક્ષિત રહો. સૂર્યપ્રકાશથી બચવા માટે સન-ગ્લાસિસ પહેરો. ધ્યાનમાં રહે, દ્રષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિના સચોટ, સુલભ સમાધાન માટેનું આદર્શ સરનામું :

**કેનિયા આઈ હોસ્પિટલ**




**નોંધ:** વાચકમિત્રો યુ-ટ્યૂબની લિન્ક http:/youtu.be/CASXrjL2eEI પર જઈને લલિતકુમાર દાસનો વિડિયો પ્રત્યક્ષપણે જોઈ-સાંભળી શકો છો.



### Know yr Dr.

**કોર્નિયા, કેટરેક્ટ, ગ્લુકોમા, સ્કવિન્ટ જેવી દ્રષ્ટિ સંબંધિત સામાન્ય કે અસામાન્ય લેખાતી ક્ષતિઓના સચોટ પરીક્ષણ અને સુલભ સમાધાન માટે કોન્ટેક્ટ :**

કેનિયા આઈ હોસ્પિટલ પ્રા. લિમિટેડ
નામ : ડો. વૈશાલ કેનિયા
માનદ પદવી : પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ
રિઝવી નગર, મિલન સબવે કોર્નર, મિલન મોલની બાજુમાં, એસ. વી. રોડ, સાંતાક્રુઝ (પ.), મુંબઈ-૪૦૦૦૫૪
કોન્ટેક્ટ નંબર: 75064 99962 /9870064240 /9820092600
ઈમેલ: keniaeye@gmail.com
વેબસાઈટ: www.keniaeyehospital.com

### કોર્નિયાની સુરક્ષિતતા માટે શું કરશો



- કોન્ટેક્ટ લેન્સ પહેરીને ઊંઘવું નહીં.
- કોર્નિયાને વારંવાર ચોળવી નહીં.
- આંખમાં લાલાશ વર્તાય તો આપમેળે ઉપચાર કરવાની જગ્યાએ સુયોગ્ય ઓફથેલ્મોલોજિસ્ટનો કોન્ટેક્ટ કરો.
- નિયમિતપણે લુબ્રિકેટિંગ ડ્રોપ નાખો.

### કેરાટોપ્લાસ્ટી ક્યારે કરાવવી પડે :

- કીકી શ્વેત રંગની થઈ ગઈ હોય.
- કોર્નિયામાં ઈન્ફેક્શન ફેલાઈ ગયું હોય.
- કીકીમાં ઈન્ફેક્શનને કારણે છિદ્ર થઈ ગયું હોય.
- અકસ્માતનો ભોગ બનીને કોર્નિયા ફાટી ગઈ હોય.
- જન્મજાતથી કોર્નિયા શ્વેત રંગની હોય.
- કેરાટોકોનસગ્રસ્ત હોય.